**તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી

લઘુતમ : ૧૭.૫ ડીગ્રી

ભેજ


સવારે ૫૬ ટકા ● સાંજે ૨૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૫૫ | ૭ માર્ચ, ૨૦૧૬, સોમવાર ; મહા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગુજરાતમાં ઘુસેલા ત્રાસવાદીઓ દિલ્હી પહોંચી શકે છે

## ગુજરાત બાદ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પણ હાઈએલર્ટ : દિલ્હીમાં તમામ સ્થળ પર મજબૂત સુરક્ષા : માર્કેટ અને મોલ અને ધાર્મિક સ્થળો પર સુરક્ષા વધારી



નવીદિલ્હી, તા. ૬

ગુજરાત બાદ હવે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પણ હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. કારણ કે, ઈન્ટેલીજન્સ સંસ્થાઓ દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે, લશ્કરે તોઈબા અને જૈશે મોહમ્મદના ત્રાસવાદીઓ દિલ્હીમાં ઘુસણખોરી કરી શકે છે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સુરક્ષા અધિકારીઓએ દિલ્હી પોલીસને માહિતી આપી છે કે, વાયા ગુજરાત મારફતે ભારતમાં પ્રવેશ કરી ગયેલા અને પાકિસ્તાનથી આવેલા શકમંદ ત્રાસવાદીઓ રાષ્ટ્રીય પાટનગરમાં પ્રવેશ કરી શકે છે. ઈન્ટેલીજન્સ સંસ્થાઓએ ચેતવણીમાં કહ્યું છે કે, આ શકમંદો માર્કેટમાં અથવા તો મોલમાં હુમલાને અંજામ આપી શકે છે. પોલીસે ભરચક વિસ્તારો અને સુરક્ષા સંસ્થાઓમાં સુરક્ષા વ્યવસ્થાને વધારે મજબૂત બનાવી દીધી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પહેલા પણ મોટા હુમલા થઈ ચુક્યા છે. ગુજરાતમાં નેશનલ સિક્યુરિટી ગાર્ડની બે ટીમો પહોંચી ચુકી છે. કેન્દ્ર સરકાર દ્વારા હાઈએલર્ટની જાહેરાત કરાયા બાદ આ ટુકડી પહોંચી હતી.

● અનુસંધાન પાન-૭ પર



હર હર મહાદેવ - મહા શિવરાત્રીના પાવન પર્વે કલ્યાણના દેવ મહાદેવના ચરણોમાં પ્રાર્થના કરીએ... વ્યક્તિ જીવનથી લઈ વૈશ્વિક જીવન કલ્યાણમય બને... ભોળો નાથ સૌના મનોરથ પૂર્ણ કરે એવી પ્રાર્થના સાથે સમગ્ર દેશમાં મહાશિવરાત્રીનું પર્વ ઉલ્લાસમય વાતાવરણમાં ઉજવાશે....

# સરકારી બેંકો મર્જ કરી સંખ્યા ઘટાડાશે

## નુકસાનના કારણે મુશ્કેલીમાં રહેલી બેંકો મુદ્દે મોટો નિર્ણય લેવાશે : આશરે બે ડઝન જેટલી સરકારી બેંકોના મર્જને લઈને હિલચાલ : નુકસાનમાં રહેલી બેંકોની સ્થિતિ સુધારાશે : નવી હિલચાલનું બેંકર્સ દ્વારા સ્વાગત કરાયું


નવીદિલ્હી,તા. ૬

નુકસાનમાં ચાલી રહેલી જાહેર ક્ષેત્રની બેંકોને લઈને સરકાર ટુંક સમયમાં જ મોટો નિર્ણય કરવાની તૈયારીમાં છે. નાણાં પ્રધાન અરૂણ જટેલી એવો સંકેત આપી ચુક્યા છે કે આશરે બે ડઝનથી વદારે સરકારી બેંકોમાંથી કેટલીક બેંકોને મર્જ કરી દેવામાં આવનાર છે. સરકારી બેંકોની સ્થિતીને સુધારવાના હેતુસર આ નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે. મર્જ કરવાની હિલચાલ હાથ ધરવામાં આવ્યા બાદ બેકર્સ દ્વારા આ પહેલનુ સ્વાગત કરવામાં આવી રહ્યુ છે. સાથે સાથે સલાહ આપી છેકે સરકારે આ સંબંધમાં એક ખાસ સમિતીની રચના કરવી જોઈએ. આ સમિતીને મર્જની રણનિતી અને અન્ય બાબતોમાં ધ્યાન આપવા માટે કહેવામાં આવે તો જરૂરી છે. ઉલ્લેખનીય છે કે દેશના બેકિંગ ઈન્ડસ્ટ્રીઝની કુલ સંપત્તિનો બે તૃતિયાશથી વધારે હિસ્સો સરકારી ક્ષેત્રની બેંકોની પાસે છે. પરંતુ તેમની પાસે આશરે ૮૫ ટકા એનપીએ (બેડ લોન )છે. જે આઠ લાખ કરોડથી વધારેનો આંકડો તઈ ગયો છે. જેના કારણે તેમને ભારે નુકસાન ઉઠાવવાની ફરજ પડી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# અંબાજી મંદિરમાં ઘનિષ્ઠ પોલીસ ચેકીંગ-બંદોબસ્ત

## ખુણેખુણાની આધુનિક સાધનોથી તપાસ : ગુજરાતમાં આતંકવાદીઓ ઘુસ્યાના હેવાલ બાદ તપાસ





અમદાવાદ, તા.૬

ગુજરાતનાં સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આજે સાંજેનાં સુમારે બનાસકાંઠા પોલીસ દ્વારા અંબાજી મંદિરમાં ઓંચીતી તપાસ કામગીરી હાથ ઘરાઈ હતી. અંબાજી મંદિરમાં જીલ્લા બોમ્બ ડિસ્પોજલ સ્કોડ ટીમ, એસ.ઓ.જી ટીમ, અંબાજી પોલીસ સહીત મંદિરની સુરક્ષાનાં કર્મીઓ અને મંદિરનાં ગાર્ડ દ્વારા અંબાજી મંદિરનાં ખુણેખુણાંની અધ્યતન સાધનો દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. જોકે આ તપાસ કામગીરી મંદિરમાં કોઈ બોમ્બ મુકાયાની અફવાં કે પછી મંદિરને ઉડાડી દેવાનાં પત્ર બાબતની કોઈ હકીકત સ્પષ્ટ થઈ શકી ન હતી. પણ ગુજરાતમાં આંતકવાદીઓ ઘુસ્યા હોવાના અહેવાલના પગલે આઈ.બીના એલર્ટનાં અપાયેલા આદેશ અનુસાર આ તપાસ કામગીરી હાથ ધરાઈ હોવાનું જાણવા મળેલ છે. જોકે આ બાબતે એસ.ઓ.જી ટીમનાં પી.આઈ એમ.ડી.વ્યાસ, અંબાજી પી.એસ.આઈ, કાંધલ આડેદરા તેમજ મંદિર સઘન સુરક્ષાનાં પી.એસ.આઈ એમ.કે.દેસાઈ સહીત પોલીસ કર્મીઓએ મંદિરમાં હાથ ધરેલી તપાસ કામગીરીમાં કોઈ જ શંકાસ્પદ વસ્તુ મળી આવેલ નથી ને હજી પણ પોલીસ આગામી સમયમાં પણ આજ રીતે ઓચીંતી સર્પારાઈઝ ઓચીંતી કરતાં રહેશે તેવું જાણવા મળેલ છે. ગુજરાતમાં ૧૦ આતંકવાદીઓ ઘુસ્યા હોવાની અહેવાલનાં પગલે સમગ્ર ગુજરાતમાં પોલીસ દોડતી થઈ છે. ત્યારે પ્રથમ ગુજરાતનાં પ્રમુખ યાત્રાધામોની સુરક્ષા સઘન કરાઈ હતી. જ્યાં મોડી રાત સુધી તપાસ હાથ ધરાયા બાદ આજે ગુજરાતને રાજસ્થાનને સાંકળતાં માર્ગો ઉપર પણ પોલીસ સતર્ક બની છે. યાત્રાધામ અંબાજી નજીક માત્ર ૪ કિલો મિટર દુર આવેલી સરહદ ઉપર પોલીસેઆજે વાહનોની સઘન ચેંકીંગ હાથ ધરી છે. રાજસ્થાન તરફથી ગુજરાતમાં એટલે કે અંબાજીમાં પ્રવેશતા તમામ શંકાસ્પદ વાહનોને ચકાસવામાં આવી રહ્યા છે. આ શિવાય અંબાજીનાં સ્થાનિક મંદિરો ને સાંકળતાં માર્ગો ઉપર પણ વાહન તપાસ કામગીરી હાથ ધરાઈ છે. જોકે અત્યાર સુધીમાં કોઈ પણ જાતની શંકાસ્પદ વસ્તુઓ મળી આવેલ નથી ને પોલીસ સમગ્ર અંબાજી પંથકનાં મુખ્ય માર્ગો ને મંદિરોમાં સતર્ક બની છે.


હાઉસિંગ સોસાયટી, ફ્લેટ, શોપિંગ, એસોશિયેશન, સંસ્થા, કલબ, મંડળ, ઈન્ડસ્ટ્રીઝ, વ્યક્તિ જોગ

સ્પેશિયલ ઓફર

Info City Club & Resort Presents

DJ HOLI

ઉજવો "ધુળેટી"

ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ ગાંધીનગરમાં

રૂા. ૨૫૦/-* પ્રતિ વ્યક્તિ

તા- ૨૪માર્ચ, ૨૦૧૬

સવારે ૮:૩૦ થી બપોરે ૧:૦૦ સુધી

આપને મળશે...

- DJ મસ્તી ડાન્સ
- કલર્સ/ગુલાલ (કેમીકલ રહિત)
- પિચકારી ભરવા માટે પાણી
- અનલિમિટેડ લંચ (સુપ ટુ ડેસર્ટ)
- હરિયાળી લોન (હોળી રમવા માટે વિશાળ જગ્યા)
- બેઠક વ્યવસ્થા (વડીલો/મહિલાઓ/બાળકો માટે)
- પીવાનું પાણી (મિનરલ)

આજે જ બુક કરાવો આપના પાસ

પાસ માટે સંપર્ક : ૯૧ ૯૬૮૭૩ ૧૭૨૧૬ / ૯૮૨૫૭૯૩૮૫૭

કલબ ઈવેન્ટ સ્પોન્સરશીપ તથા પ્રોડકટસ/સર્વિસ પ્રમોશન @ Infocity Club & Resort / Infocity માટે સંપર્ક : ૦૯૧ ૯૮૭૯૬ ૧૯૯૨૨ / ૯૩૨૮૦ ૭૧૧૫૦

આવો બચાવીએ પાણી, સ્વચ્છ રાખીએ આંગણ તથા ઘર

ગાંધીનગર માટે

આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો

૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

www.chipsairexp.com

મહા શિવરાત્રીની મંગળ શુભેચ્છાઓ

CHIPS Express Pvt. Ltd.

ATARIA, The Business Hub, Shop No. B-32, 'KH-0', Sargasan 4 Roads, Gandhinagar. M. 9227706105

પરદેશ પાર્સલ સેવા

Preeti Mall, F-2, Opp. City Mall-2, KALOL. M.: 9227706105, 9898036257

chipsairinternational@yahoo.co.in